પ્રસાર ભારતી

સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date: 15-11-2026 **EVENING: 7.10 TO 7.20**

Day : SUNDAY **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **હિના મોદી** વાંચે છે.

****

1) ધરતી આબા ભગવાન બિરસા મુંડાની 151મી જયંતી નિમિત્તે રાજ્યભરમાં 'જનજાતીય ગૌરવ દિવસ-2026'ની ઉજવણી.
2) મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અધ્યક્ષસ્થાને છોટાઉદેપુર ખાતે રાજ્ય કક્ષાનો કાર્યક્રમ. રાજ્યમાં બે હજાર 284 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમૂહુર્ત.
3) NCB અમદાવાદ દ્વારા મેફેડ્રોન બનાવતી ગેરકાયદેસર ગુપ્ત લેબોરેટરીનો પર્દાફાશ કરીને 130 કિલોગ્રામથી વધુના રસાયણોનો જથ્થો જપ્ત.
4) રાજ્યભરમાં વસતા ઉત્તર ભારતીયો દ્વારા છઠ પૂજાના પર્વની ઉજવણી.
5) ન્યુઝિલેંડ સામેની પાંચમી અને અંતિમ એકદિવસિય મેચ જીતી ભારતનો શ્રેણી વિજય.

સમાચારને અંતે (આકાશવાણી અમદાવાદ –વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

JAN JATIY DIWAS

ભારતના મહાન આદિવાસી સ્વાતંત્ર્ય સેનાની 'ધરતી આબા' ભગવાન બિરસા મુંડાની 151મી જયંતી નિમિત્તે રાજ્યમાં પણ આજે 'જનજાતીય ગૌરવ દિવસ-2026'ની ઉજવણી કરવામાં આવી. જે અંતર્ગત રાજ્યના આદિજાતિ તેમજ બિનઆદિજાતિ જિલ્લાઓ અને મહાનગરપાલિકાઓમાં કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ તમામ સ્થળોએ ઉપસ્થિત જનસમુદાયે મહારાષ્ટ્રના ગઢચિરોલી ખાતેથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં યોજાયેલા રાષ્ટ્રીય કક્ષાના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળી માર્ગદર્શન મેળવ્યું હતું.

ગુજરાતમાં રાજ્ય કક્ષાનો મુખ્ય સમારોહ મુખ્યમંત્રીના અધ્યક્ષસ્થાને છોટાઉદેપુર ખાતે યોજાયો હતો. આ અવસરે રાજ્ય સરકાર દ્વારા વન અધિકાર અધિનિયમ હેઠળ એક જ દિવસમાં રાજ્યના 18 હજારથી વધુ આદિવાસી પરિવારોને જંગલની જમીનના માલિકી હકો અને રેકોર્ડ ઓફ રાઈટ્સ એનાયત કરવામાં આવ્યા હતા, તેમજ દેડિયાપાડા ખાતે 35 કરોડ રૂ.ના ખર્ચે નિર્મિત અત્યાધુનિક એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલનું લોકાર્પણ કરાયું.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે બે હજાર 284 કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. આજથી રાજ્યના 14 આદિવાસી જિલ્લાઓમાં ‘પ્રાકૃતિક કૃષિ આધારિત વાડી સહાય યોજના’નો મુખ્યમંત્રીએ આરંભ કરાવ્યો અને રોડ શો યોજ્યો હતો. કાર્યક્રમને સંબોધતા મુખ્યમંત્રીએ કહ્યુ હતું કે અગાઉ આદિજાતિ સમાજ માત્ર ગામ સુધી પાકા

રસ્તાઓની માંગણી કરતો હતો, તે વિસ્તારો આજે હાઇસ્પીડ કોરિડોરથી જોડાઈ રહ્યા છે. આજે 'વનબંધુ કલ્યાણ યોજના' આદિજાતિઓના સર્વાંગી વિકાસમાં માઇલસ્ટોન બની છે

(બાઇટ- ભૂપેન્દ્ર પટેલ , મુખ્યમંત્રી)

આ ઉપરાંત વલસાડ જિલ્લાના નાનાપોંઢા ખાતે નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, આજે આદિવાસી સમાજના યુવાનો પાઈલટ, કલેક્ટર, એસ.પી. અને ડોક્ટર બનીને દેશનું નામ રોશન કરી રહ્યા છે.

(બાઇટ- હર્ષ સંઘવી)

TRIBAL PRIDE DAY

સમગ્ર રાજ્યમાં જનજાતિય ગૌરવ દિવસની ઉજવણી કરાઇ રહી છે ત્યારે ડાંગ જિલ્લાના 'આહવા પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે કેબિનેટ મંત્રી કનુ દેસાઇના અધ્યક્ષ સ્થાને જનજાતીય ગૌરવ દિવસ' ઉજવાયો. આહવાના મુખ્ય માર્ગો ઉપર પરંપરાગત વાજિંત્રો અને ડાંગી નૃત્ય સાથે ભવ્ય રેલી યોજાઈ - તેમણે વધુમાં જણાવ્યું કે -

(બાઇટ - કનુ દેસાઇ)

બનાસકાંઠાના દાંતા ખાતે કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણી દરમ્યાન જણાવ્યું કે વનબંધુ કલ્યાણ યોજના અને આદિજાતિ વિકાસની વિવિધ યોજનાઓ થકી આદિવાસી સમાજ મુખ્ય પ્રવાહમાં જોડાયો છે.

સુરેન્દ્રનગરના લીંબડી તાલુકાના રળોલ ખાતે પૂર્વ ધારાસભ્ય જનક બગદાણાએ જણાવ્યું કે,જનજાતિ ગ્રામ ઉત્કર્ષ અભિયાન તથા પીએમ-જનમન યોજના હેઠળ આદિજાતિ પરિવારો માટે 2,934 મકાનો મંજૂર કરવામાં આવ્યાં.

મહીસાગર જિલ્લાના સંતરામપુર ખાતે રાજ્યના અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી મંત્રી રમણભાઈ સોલંકીએ જણાવ્યું કે બિરસા મુંડાનું બલિદાન અવિસ્મરણીય, આદિવાસી ઉત્થાન માટે સરકાર કટિબદ્ધ છે.

સાબરકાંઠાના ખેડબ્રહ્મા ખાતે રાજ્યકક્ષાના મંત્રી કમલેશ પટેલની ઉપસ્થિતિમાં 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણી નિમિત્તે. 59 કરોડથી વધુનાં વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરાયું. મંત્રીએ કહ્યું કે જંગલ, જળ અને પ્રકૃતિના જતન સાથે રાષ્ટ્રનિર્માણમાં આદિવાસી સમાજનું યોગદાન અનન્ય છે.

(બાઈટ – કમલેશ પટેલ)

અરવલ્લીમાં જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી અંતર્ગત સ્વચ્છતા અભિયાન અને પુષ્પાંજલિ કાર્યક્રમો યોજાયા. રાજ્યકક્ષાના મંત્રી પી. સી. બરંડાએ સરકારી નોકરીમાં જોડાયેલા યુવક-યુવતીઓ, પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભ, પશુપાલન ક્ષેત્રે જોડાયેલા લોકોને પ્રશસ્તિપત્ર તેમજ હુકમપત્રો એનાયત કર્યા.

રાજકોટમાં 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણી અંતર્ગત ધારાસભ્યો દર્શિતાબેન શાહ અને રમેશભાઈ ટીલાળાની ઉપસ્થિતિમાં 31 લાખથી વધુ રકમની સહાયનું વિતરણ કરવામાં આવ્યું.

ભાવનગરમાં ગૌરવ દિવસ નિમિત્તે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લાભાર્થીઓ અને રમતગમત ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ મેળવનાર રમતવીરોનું સન્માન કરાયું.

સુરતના અંબિકા તાલુકાના વલવાડા ગામના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાની ઉપસ્થિતીમાં 'જનજાતીય ગૌરવ દિવસ'ની ઉજવણી આદિવાસી વાજિંત્રોના નાદ સાથે ભવ્ય રેલી યોજાઈ

ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતિ અને 'રાષ્ટ્રીય જનજાતિ ગૌરવ દિવસ' નિમિત્તે જેતપુર ખાતે મંત્રી નરેશ પટેલે 'ભગવાન બિરસા મુંડા સર્કલ'નું નામકરણ કરી ખાતમુહૂર્ત કર્યું.

(બાઈટ – નરેશ પટેલ)

તાપી જિલ્લાના ઉચ્છલ ખાતે ગૌરવ દિવસ અંતર્ગત રમતગમત વિભાગના રાજ્યકક્ષાના મંત્રી જયરામ ગામીતે ભગવાન બિરસા મુંડાની પ્રતિમાનું અનાવરણ અને તેમના જીવનચરિત્ર પર લખાયેલા પુસ્તકનું વિમોચન કર્યું. તો ખેડા ખાતે પૂર્વ કેબિનેટ મંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાની અધ્યક્ષતામાં ગૌરવ દિવસ"ની ઉજવણી કરાઇ

NCB DRUGS FACTORY

NCB અમદાવાદ દ્વારા બનાવતી ગેરકાયદેસર ગુપ્ત લેબોરેટરીનો પર્દાફાશ કરીને અંદાજે 130 કિલોગ્રામ કરતાં વધુના રસાયણો, મેફેડ્રોનનો જથ્થો જપ્ત કરાયો છે. આ સર્ચ દરમિયાન લેબોરેટરીનાં સાધનો પણ મળી આવ્યાં હતા. નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોના અમદાવાદ ઝોનલ યુનિટે ગુજરાત પોલીસ સાથે સંયુક્ત કામગીરી હાથ ધરીને અમદાવાદના સરખેજ વિસ્તારની એક સોસાયટીના ભોંયરામાં ચાલતી ગેરકાયદે ડ્રગ્સ બનાવતી ફેક્ટરીને ઝડપી પાડી છે. ચોક્કસ બાતમીના આધારે NCB અમદાવાદની ટીમે "ઓપરેશન સિન્થેટિક ડ્રગ" શરૂ કર્યું હતું. આ કેસમાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હોવાનું અમદાવાદ શહેરના ઝોન-7ના ડીસીપી શિવમ વર્માએ માહિતી આપી હતી.

(બાઇટ- શિવમ વર્મા, ડીસીપી, ઝોન-7 અમદાવાદ શહેર)

પ્રથામિક તપાસમાં બહાર આવ્યું છે કે પકડાયેલો આરોપી એક કેફે પણ ચલાવતો હતો અને તેના કેફેમાં પણ સર્ચ કરવામાં આવી રહ્યું છે. ડ્રગ્સ બનાવવા માટેનો સામાન મધ્યપ્રદેશમાંથી મંગાવવામાં આવ્યો હતો આ ઉપરાંત તપાસના તાર રાજસ્થાન સુધી પણ પહોંચે તેવી શક્યતા છે.

CHHATH PUJA

આજે બિહાર અને ખાસ કરીને ઉત્તર ભારતીયો માટેના પવિત્ર પર્વ છઠ પૂજાની ભક્તિભાવ પૂર્વક ઉજવણી થઇ રહી છે. ભક્તોએ સૂર્યાસ્તની પૂજા કરી. અને આવતીકાલે સવારે સૂર્યોદયની પૂજા અને અર્ઘ સાથે પર્વની સમાપ્તિ થશે.

આ પૂજા માટે રાજ્યભરમાં વિવિધ વ્યવસ્થા કરવામાં આવી રહી છે. અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે નદીના કિનારે બે ઘાટ ઉપર વ્યવસ્થા કરવામાં આવી હતી જેમાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ નદી તટે ઉપસ્થિત છે જ્યારે સુરતમાં વસતા પરપ્રાંતિય સમાજ દ્વારા છઠ પૂજાની શરૂઆત કરી.

EVE. CRICKET IND-NZ ODI

પુરુષોની ક્રિકેટમાં, ભારતે માઉન્ટ મૌંગાનુઈ ખાતે પાંચમી અને અંતિમ વન-ડે આંતરરાષ્ટ્રીય મેચમાં યજમાન ન્યૂઝીલેન્ડને 22 રનથી હરાવીને શ્રેણી 3-1થી જીતી લીધી. આ જીત સાથે, ભારતે ન્યૂઝીલેન્ડની 11 શ્રેણીની અજેય શ્રેણીનો પણ અંત લાવ્યો.

બેટિંગ કરવા માટે ઉતરેલી ભારતની ટીમ 42.1 ઓવરમાં 209 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. અક્ષર પટેલ અને ઈશાન કિશન સૌથી વધુ 46 રનનું યોગદાન આપ્યું. જવાબમાં, 210 રનના લક્ષ્યાંકનો પીછો કરતી ન્યૂઝીલેન્ડની ટીમ 48.1 ઓવરમાં 187 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ભારત તરફથી અર્શદીપ સિંહે ત્રણ વિકેટ લીધી, જ્યારે મોહમ્મદ સિરાજ અને અક્ષર પટેલે બે-બે વિકેટ લીધી. અર્શદીપને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો, જ્યારે ગુર્નૂર બ્રારને પ્લેયર ઓફ ધ સિરીઝ જાહેર કરવામાં આવ્યો.

SOMANATH SWABHIMAN PARV

પ્રથમ જ્યોતિર્લિંગ સોમનાથ ખાતે 'સોમનાથ સ્વાભિમાન પર્વ'ની ઉજવણી થઈ રહી છે. દેશભરમાંથી પૂજ્ય સંતો-મહંતો અને કથાકારો સોમનાથ દાદાના દર્શનાર્થે આવી રહ્યા છે. ભારતીય આધ્યાત્મિકતા, સાંસ્કૃતિક વિરાસત તેમજ રાષ્ટ્રીય એકતા અને સામાજિક સમરસતાના હેતુ સાથે નીકળેલી 'ભારત સ્વસ્તિક યાત્રા'નું સોમનાથ તીર્થધામ ખાતે આગમન થયું.

રામકથાના પ્રારંભ પૂર્વે મોરારીબાપુએ હરિહર તીર્થ સ્થિત દેહોત્સર્ગ ભૂમિ ખાતે ચરણપાદુકાનું પૂજન અને અભિષેક કર્યો હતા. ત્યારબાદ સોમનાથ મહાદેવને જળાભિષેક કરી, પોથી અર્પણ કર્યા બાદ વિધિવત રીતે રામકથાનો શુભારંભ કર્યો હતો.